আরও তথ্য, পরামর্শ এবং সাহায্যের জন্য আমাদের সাথে যোগাযোগ করুন 0161 945 4187 এই নম্বরে।
জরুরী অবস্থায় পুলিশের সাথে যোগাযোগ করুন 999 এই নম্বরে।

વધારે માહિતી, સલાહ અને સહાય માટે **0161 945 4187** નંબર પર અમારો સંપર્ક સાધો.
ઇમરજન્સીમાં પોલીસનો **999** નંબર પર સંપર્ક સાધો અથવા

مزید معلومات، مشورہ اور مدد کیلئے ٹیلی فون نمبر **0161-945 4187** پر رابطہ کریں
ایمرجنسی میں پولیس کے ساتھ **999** پر رابطہ کریں

للحصول عن معلومات أو نصائح أو دعم أكثر اتصل بنا على رقم الهاتف 0161 945 4187
عند الحالات الطارئة اتصل بالشرطة على 999

अधिक जानकारी, सलाह-परामर्श व सपोर्ट के लिए कृपया 0161 945 4187 नम्बर पर फोन कीजिए।
इमरजन्सि में पुलिस को 999 पर फोन कीजिए

**ਹੋਰ ਜਾਣਕਾਰੀ, ਸਲਾਹ ਅਤੇ ਸਹਾਇਤਾ ਲੈਣ ਲਈ ਟੈਲੀਫੋਨ ਨੰਬਰ 0161 945 4187 ਤੇ ਗੱਲ ਕਰੋ**
**ਐਮਰਜੈਂਸੀ ਵਿਚ ਪੁਲਸ ਨੂੰ 999 ਤੇ ਫੋਨ ਕਰੋ**

**For information, advice, support and refuge accommodation for Asian women and children contact**
**Saheli – 0161 945 4187**
**9am- 5pm**

**In an emergency contact the Police on 999**

Registered Charity No.: 1033067

Gujarati

# Saheli

ઘરમાં થતા અત્યાચાર-મારપીટ ગુનો છે

ઘરમાં થતા અત્યાચાર-મારપીટ દૂર કરવાનો પ્રયાસ કરો



## સાહેલીનું કાર્ય

સાહેલી, ઘરમાં થતા અત્યાચારનો અનુભવ કરતી સાઉથ એશિયન મહિલાઓ અને તેઓનાં બાળકો માટે તાત્કાલિક રહેવા માટેની વ્યવસ્થા પૂરી પાડે છે. અમે સલામતી અને ગુપ્તતા જાળવીને વિવિધ સેવાઓ પૂરી પાડીએ છીએ:

- ✓ રેફ્યૂજ સર્વિસીસ: રેફ્યૂજ વર્કર્સ, ઘરમાં થતા અત્યાચારની પરિસ્થિતિનો અનુભવ કરતી મહિલાઓ અને તેઓનાં બાળકો માટે છ બેડરૂમ ધરાવતા રહેઠાણની વ્યવસ્થા કરે છે.
- ✓ ચિલ્ડ્રન્સ સર્વિસ: બાળકોની જરૂરિયાતો પૂરી પડે છે કે નહિ તે નક્કી કરવાં માટે રેફ્યૂજમાં બાળકોની સેવા પણ છે. દા.ત., રમવાનાં સત્ર અને દરેક બાળક સાથે કાર્ય.
- ✓ આફ્ટરકેર એન્ડ આઉટરીચ સર્વિસ: રેફ્યૂજ દ્વારા ફરીથી રહેઠાણ મળેલ હોય કે સમાજમાં રહેતી હોય અને ઘરમાં થતા અત્યાચારનો અનુભવ કરી રહી હોય કે અનુભવ કર્યો હોય તેવી એશિયન મહિલાઓ અને તેઓનાં બાળકો માટે સહાય.

## નીચે જણાવેલ સેવાઓનો સમાવેશ થાય છે:

- ✓ ઘરમાં થતા અત્યાચારનો અનુભવ કરતી સાઉથ એશિયન મહિલાઓ અને તેઓનાં બાળકો માટે તાત્કાલિક રહેવા માટેની વ્યવસ્થા.
- ✓ સાંસ્કૃતિકરૂપે પરિચિત વાતાવરણમાં ભાવનાત્મક સહાય. પોતાનાં તથા બાળકો માટે સકારાત્મક નિર્ણયો લેવા માટે માહિતી અને સલાહ.
- ✓ હાઉસિંગનાં ફોર્મ ભરવામાં અને બેનીફીટ માટેની અરજીઓ કરવામાં સહાય.
- ✓ સમાજમાં ફરીથી રહેવા આવેલ મહિલાઓને પુન:સ્થાયી થવા માટેની સહાય.
- ✓ જરૂર પડયેથી બહારની એજન્સીઓ સાથે સંપર્ક કરવાં, દા.ત., ઈમિગ્રેશન, હાઉસિંગ, ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યલ સીક્યૂરીટી, પોલીસ અને લો સેન્ટર્સ વગેરે.
- ✓ દબાણપૂર્વક લગ્ન કરવાનો અનુભવ કરતી એશિયન મહિલાઓને સહાય અને સલાહ.
- ✓ રેફ્યૂજમાં રહેતાં બાળકો સાથે કાર્ય.
- ✓ **ઈમિગ્રેશન ફંડ:** પબ્લીક ફંડ ન મળતું હોય તેવી મહિલાઓ અને તેઓનાં બાળકોને સહેલી રહેવા માટેની વ્યવસ્થા પણ પૂરી પાડે છે. પરદેશથી જે મહિલાઓ પોતાના સાથી સાથે યુકેમાં સ્થાયી થવા માટે આવે છે અને તેઓનાં લગ્ન ખરેખર કાયદેસર છે તેવું ઈમિગ્રેશનનાં અધિકારીઓને સંતુષ્ટ કરવા માટે તેઓને ઓછામાં ઓછા બે વર્ષ માટે લગ્નગ્રંથિથી જોડાઇ રહેવું પડે છે. જો તેઓને ઘરમાં થતા અત્યાચારથી આ સમયની અંદર છોડવું પડે તો તેઓ સ્ટેટ બેનીફીટ્સ્નો ક્લેઇમ કરી શકે નહિ.

પબ્લીક ફંડ ન મળતું હોય તેવી મહિલાઓ માટે અમે ફંડ એકઠું કરીએ છીએ. તેમાં હાઉસિંગ બેનીફીટનો સમાવેશ થાય છે (ઘણી મહિલાઓને રેફ્યૂજમાં રહેવાની મનાઈ કરી છે કારણ કે, તેઓ હાઉસિંગ બેનીફીટનો ક્લેઇમ કરી શકે નહિ) તેઓને રેફ્યૂજની જોગવાઇ મેળવવામાં સરળતા રહે છે. કૃપા કરી, આવી મહિલાઓ અને બાળકોને સહાય મળે તે માટે કંઇક દાન-ભેટની વ્યવસ્થા કરશો.

